# નવરંગ (Indian Pitta)

**નવરંગ જમીનનું પંખી છે, પણ રાતવાસો ઝાડ પર કરે છે, તે માનવ- વસ્તીવાળાં સ્થળોની પાસે તેમ જ ગીરનાં જંગલ જેવા વસ્તીના દૂરના ભાગોમાં વસે છે**

પક્ષીઓનાં સૌંદર્ય અને ભભકાને માણવા કે પછી તેમનું ઉલ્લાસભર્યું સાંનિધ્ય અનુભવવા બહુ સાધન કે સમયની જરૂરત રહેતી નથી, પક્ષીઓ જાતે જ સામે ચાલીને તમને બધું આપશે. પછી ભલે એ તમારા ઓરડામાં લટકાવેલી છબી પાછળ તણખલાં લઈ જતી ચકલીઓની જોડી હોય કે ઘર અથવા ઝાડની ટોચ ઉપરથી આંગણામાં ઊતરી આવતું દૈયડ હોય. માનવ સભ્યતાનાં જ્યારથી પગરણ મંડાયાં ત્યારથી પક્ષીઓએ આપણાં જીવનમાં એક યા બીજી રીતે પ્રવેશ કર્યો છે. માનવજીવનમાં અંકિત થયેલી પંખીઓની છાપ ક્યારેય ભૂંસી શકાય તેમ નથી.





ચકલી, દૈયડ જેવાં આપણાં સામાન્ય પક્ષી જેવું જ એક પંખી છે નવરંગ. અંગ્રેજીમાં તેને 'Indian Pitta' કહે છે. તે ચટક-વર્ગના 'પિટ્ટા' કે 'પિત્તા' કુળનું પંખી છે. તે કાબરના કદનું પંખી છે. નવરંગ લાંબો ઋતુપ્રવાસ કરે છે. ખાસ કરીને ગીરના જંગલમાં તે એપ્રિલ-મે મહિનામાં આવી જાય છે અને સપ્ટેમ્બરના અંતમાં ગીરમાંથી વિદાય લે છે. રાજ્યમાં તે કચ્છના કેટલાક ભાગ સિવાય સામાન્યથી અસામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં સ્થળાંતર કરીને પ્રજનન કરતાં નોંધાયાં છે.

ચટક-વર્ગનાં પંખીઓ ગાનારાં પંખી તરીકે ઓળખાય છે. નવરંગ એક અથવા બે સૂરવાળી લાંબી મધુર અને કર્ણપ્રિય સીટી કાઢે છે, નવરંગને ઓળખવાની સૌથી પહેલી નિશાની છે તેની પૂંછડી, નવરંગની પૂંછડી ટૂંકી અને બુઠ્ઠી હોય છે. તે લીલો, વાદળી, કાળો, ધોળો અને પીળાશ પડતો ભૂરો રંગ ધરાવે છે. આમ, નવરંગ ભભકાદાર રંગોવાળું પંખી છે. તેની પૂંછડી નીચે બુલબુલની પેઠે ચળકતો રાતો રંગ છે. તેની પાંખમાં સફેદ ડાઘ છે, જે તેના ઊડવા વખતે ચમકે છે.

**પંખી લોક**

**★ પ્રવીણ સરવૈયા**

નવરંગ જમીનનું પંખી છે, પણ રાતવાસો ઝાડ પર કરે છે, તે માનવ- વસ્તીવાળાં સ્થળોની પાસે તેમ જ ગીરનાં જંગલ જેવા વસ્તીના દૂરના ભાગોમાં વસે છે. નવરંગનો મુખ્ય ખોરાક જીવડાં અને તેમનાં અપક્વ બચ્ચાં છે. તે મજબૂત ચાંચ વડે ભીની ધરતીમાંથી અને જંગલના કચરામાંથી જીવડાં શોધવામાં માહિર છે. તે ચાલે ત્યારે ટચૂકડી, બુઠ્ઠી પૂંછડીને ઊંચી-નીચી કર્યા કરે છે. ખોરાક મેળવવામાં કાંઈ ખલેલ જેવું દેખાય કે તે તરત ઝાડની ડાળી પર બેસી જાય છે. પછી સલામતી જણાતાં તરત પાછું જમીન પર આવી જાય છે. જંગલનાં નવરંગ સામસામે જુદી-જુદી દિશામાંથી એકસાથે ચાર-પાંચ જેટલાં બોલે છે.

નવરંગ આબેહૂબ રંગીન અને વિશિષ્ટ પંખી છે. તે મોટું માથું ધરાવતું સફેદ ગળાવાળું સાથે વિરોધાભાસી આંખો વાળું પક્ષી છે. તે મુખ્યત્વે ગીચ જંગલવાળા વિસ્તારોમાં રહે છે. તે જોરથી સીટી જેવો અવાજ કરે છે. સંવર્ધન કરતી વખતે ખૂબ જ અવાજ કરતે છે.

જૂનના અંતમાં અથવા જુલાઈની શરૂઆતમાં તેઓના માળા તૈયાર થાય છે. તે વૃક્ષના મધ્યભાગમાં આશરે બેથી ત્રણ મીટરની ઊંચાઈ પર થડ અને ડાળીની વચ્ચે માળો બનાવે છે. માળો બનાવવામાં પાતળાં, સૂકાં સાંઠીકડાં અને સૂકાં પાનનો ઉપયોગ કરે છે. માળો ગોળ દડા જેવો હોય છે. માળાનું પ્રવેશદ્વાર બાજુમાં હોય છે. એક પક્ષી માળામાં રહે છે અને બીજું પ્રવેશદ્વાર પર બેસીને ચોકી કરે છે. માળાની અંદરનું આવરણ સૂકાં પાંદડાંનું હોય છે. પ્રવેશદ્વાર બાજુમાં હોવાથી ભરચોમાસામાં પણ પાણી અંદર જતું નથી. માદા ચારથી પાંચ લંબગોળ, ચળકતાં, છીંકણી રંગનાં, જાંબલી ટપકાંવાળાં ઈંડાં મૂકે છે. ઈંડાં મૂકવાના દસ- પંદર દિવસમાં એટલે કે જુલાઈના મધ્ય તથા અંતભાગમાં બચ્ચાં બહાર આવે છે. બચ્ચાં વીસથી પચીસ દિવસમાં ઉડાન ભરવા લાગે છે.

પક્ષીઓ તો બધે જ છે. તેઓની ઉપસ્થિતિથી હરહંમેશ આનંદ અને ઉત્સાહ વધે છે. પક્ષીનિરીક્ષણ ગમે ત્યારે કરી શકાય છે. તેના માટે કોઈ ખાસ સાધન-સગવડ અતિ આવશ્યક નથી. જમીન પર લાંબા કૂદકા મારતું અને ટટ્ટાર થઈને આંચકા સાથે બોલતું આ પંખી ખરેખર જોવા જેવું છે.

# ફળોમાં 'રાજા' કેરી, તો 'રાણી' કોણ?

ઉનાળાની શરૂઆત થતાં જ બજારો કેરીથી ભરાઇ જાય છે. કેરીની મીઠાશ, સ્વાદ અને લોકપ્રિયતાને કારણે કેરીને ફળોનો રાજા માનવામાં આવે છે. પણ શું તમે જાણો છો કે ફળોમાં 'રાણી' તરીકે કયા ફળને ઓળખવામાં આવે છે? આ સવાલનો જવાબ છે - મેંગોસ્ટીન (Mangosteen). તેની ખાસ મીઠાશ-ખટાશ, નરમ ગૂદો અને ભરપૂર પોષક તત્વોને કારણે મેંગોસ્ટીનને વિશ્વભરમાં "ક્વીન ઓફ ફ્રૂટ્સ" એટલે કે ફળોની રાણી તરીકે ઓળખવામાં આવે છે.

ઉનાળાની શરૂઆત થતાં જ બજારો કેરીની સુગંધથી મહેકી ઉઠે છે. ઘણા લોકો માટે ઉનાળો એટલે કેરીનો મોસમ. આવી લોકપ્રિયતાને કારણે જ કેરીને ફળોના રાજા તરીકે પણ ઓળખવામાં છે. પરંતુ આજે પણ ઘણાં લોકોને આ વાત ખબર જ નથી કે ફળોની દુનિયામાં રાણીનું સ્થાન કયું ફળ ધરાવે છે. આ ફળ છે - મેંગોસ્ટીન. બહારથી આ ફળ ઘેરો જાંબલી રંગ ધરાવે છે અને અંદરથી સફેદ, નરમ ગૂદો હોય છે. તેના ખાસ



સ્વાદ અને વધુ પોષક તત્વોને કારણે તેને વિશ્વભરમાં ખાસ ઓળખ મળી છે અને તેને ફળોની રાણી કહેવામાં આવે છે.

નિષ્ણાતો કહે છે કે મેંગોસ્ટીનનો સ્વાદ મીઠો અને થોડો ખટાશવાળો હોય છે. જે લોકો આ ફળ ચાખે છે, તેઓ કહે છે કે તેમાં અનેક ફળોના સ્વાદના મિશ્રણ જેવો અનુભવ થાય છે. આ ખાસિયત જ મેંગોસ્ટીનને બીજા ફળોથી અલગ બનાવે છે. ઘણા દેશોમાં આ ફળ પ્રીમિયમ ફળોમાં ગણાય છે.

મેંગોસ્ટીન માત્ર સ્વાદમાં જ નહીં, પણ આરોગ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. તેમાં કેલરી અને ફેટ ઓછું હોય છે, જ્યારે શરીર માટે જરૂરી વિટામિન્સ અને ખનિજ તત્વોથી ભરપૂર હોય છે. ખાસ કરીને વિટામિન C, વિટામિન E અને અનેક B-કોમ્પ્લેક્સ વિટામિન્સ તેમાં મળે છે. ઉપરાંત પોટેશિયમ, મેગ્નેશિયમ અને કોપર જેવા મહત્વના ખનિજ પણ તેમાં છે.

મેંગોસ્ટીનમાં સારા પ્રમાણમાં ડાયટરી ફાઇબર હોય છે, જે પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે. ઉપરાંત તેમાં રહેલા ઝેન્થોન્સ (Xanthones) નામના કુદરતી સંયોજનો શક્તિશાળી એન્ટી-ઓક્સિડન્ટ તરીકે કામ કરે છે. એટલે આરોગ્ય નિષ્ણાતો પણ આ ફળને પોષક તત્વોથી ભરપૂર શ્રેષ્ઠ આહાર માને છે. મેંગોસ્ટીન તેના ખાસ સ્વાદ, આરોગ્ય લાભ અને વિશિષ્ટ ઓળખને કારણે જ ફળોની રાણીનું સ્થાન ધરાવે છે. એટલે જ વિશ્વભરના ફળપ્રેમીઓમાં આ ફળને ખાસ પસંદગી મળે છે.